ISSN: 2349-6002

# સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓમાં મૂલ્ય પરિવર્તનનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ ભાવનગર શહેર ના સંદર્ભે

Dharaben k.dhandhukiya
*Assistant professor deparment of sociology Nanadkugvarba mahila college, Ring road,devrajnagar,Bhavnagar*
*doi.org/10.64643/IJIRTV12I8-191224-459*

**સારાંશ:-**પ્રસ્તુત અભ્યાસમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓમાં મૂલ્યો પરિવર્તનનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (ભાવનગર શહેરના સંદર્ભ) કરવામાં આવ્યો છે. જેમાં google form આધારિત માહિતી એકત્ર કરવામાં આવી છે. જેના વિશ્લેષણ આધારે ઉચ્ચ શિક્ષણ મેળવનારી યુવતીઓમાં શિક્ષણ દ્વારા તેમને જ્ઞાન ,વિચારશક્તિ અને આત્મવિશ્વાસમાં વધારો થયો છે .જેના કારણે તેઓ પોતાનું જીવન સ્વતંત્ર રીતે જીવવા માંગે છે .પરંપરાગત રીતે સ્ત્રીઓની ભૂમિકા કુટુંબ અને ઘરકામ સુધી મર્યાદિત હતી પરંતુ ઉચ્ચ શિક્ષણ મેળવવાથી તેમની કારકિર્દી, આર્થિક સ્વતંત્રતા અને વ્યક્તિગત વિકાસને પ્રાથમિકતા આપતી થઈ છે .તેઓ લગ્ન, કારકિર્દી અને જીવનશૈલી સંબંધિત નિર્ણયોમાં તેઓ પોતાની પ્રાથમિકતાઓને મહત્વ આપે છે. તેમજ લિંગ સમાનતા ,માનવ અધિકાર ,સામાજિક ન્યાય પ્રત્યેની જાગૃતિ વધીને યુવતીઓ સમાજસેવા, નેતૃત્વ અને જાહેર જીવનમાં સક્રિય થાય છે. આમ સ્નાતક અને અનુસ્નાતક મેળવેલ યુવતીઓમાં વ્યક્તિગત, સામાજિક, કૌટુંબિક ,આર્થિક વગેરે...... જેવા મૂલ્યોમાં પરિવર્તન જોવા મળ્યુ છે.

ચાવીરૂપ શબ્દો:-[ સ્નાતક શિક્ષણ,અનુસ્નાતક શિક્ષણ ,ઉચ્ચ શિક્ષણ, યુવતી, મૂલ્યો, પરિવર્તન,]

## પ્રસ્તાવના:-

આધુનિક સમય મા શિક્ષણ માત્ર જ્ઞાન પ્રાપ્તિ સુધી સીમિત નથી પરંતુ તે વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસ, વિચાર શક્તિ અને જીવન મૂલ્યોના પરિવર્તન માટે પણ મહત્વનો ભૂમિકા નિભાવે છે ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ યુવતીઓમાં મૂલ્ય સંબંધિત પરિવર્તન જોવા મળે છે અને શિક્ષણ તેમને સ્વતંત્ર નિર્ણય લેવાની ક્ષમતા, આત્મવિશ્વાસ અને વ્યક્તિગત હકો પ્રત્યે જાગૃતિ આપે છે અને સામાજિક સ્તરે લિંગ સમાનતા માનવ અધિકાર અને પરંપરા આધુનિકતા વચ્ચે સંતુલન જાળવવા માટે પ્રેરિત કરે છે. આર્થિક રીતે શિક્ષિત યુવતીઓમાં સ્વાવલંબન વધે છે.અને કૌટુંબિક જીવનમાં સમાન ભાગીદારી સુનિશ્ચિત કરે છે. શિક્ષણને વ્યક્તિત્વ વિકાસ, કૌશલ્ય વિકાસ અને જીવન ગુણવત્તા સુધારવાના મુખ્ય સાધન રૂપે સ્વીકારવાની વૃત્તિ વધેલી છે આ પરિસ્થિતિ અભ્યાસ માટે મહત્વપૂર્ણ રૂપે સામે આવે છે

કારણ કે તે સામાજિક મૂલ્યોના આધુનિકીકરણ અને સ્ત્રી સશક્તિકરણના પ્રમાણરૂપે મહત્વપૂર્ણ છે.

### પરંપરાગત સ્ત્રી પ્રત્યેના મૂલ્યો :-

પરંપરાગત ભારતીય સમાજમાં સ્ત્રીઓના મૂલ્યો પેઢીથી પેઢી ચાલતી પરંપરા, ધાર્મિક માન્યતાઓ અને સામાજિક પ્રથાઓ દ્વારા ઘડાયેલા હતા. વ્યક્તિગત મૂલ્યોની દૃષ્ટિએ, સ્ત્રીના જીવનમાં શરમ, લજ્જા, સંયમ, સહનશીલતા, મમતા અને ત્યાગભાવ મુખ્ય સ્થાન ધરાવતા. તે પોતાના વિચારો અને ઇચ્છાઓ કરતાં કુટુંબના કલ્યાણને પ્રાથમિકતા આપતી. જીવનમાં મોટા લોકોનો આદર, આદેશપાલન અને કુટુંબની માન-મર્યાદા જાળવવું એ તેની વ્યક્તિગત ફરજ માનવામાં આવતી.સામાજિક મૂલ્યોની બાબતમાં, સ્ત્રી સમાજના સંસ્કાર અને પરંપરાનો જીવંત પ્રતિક હતી. તે ધાર્મિક વિધિઓ, વ્રત-ઉપવાસ, તહેવારો અને લોકરીતિઓમાં સક્રિય ભાગ લેતી. સમાજમાં પોતાનું વર્તન શિસ્તબદ્ધ અને સંયમિત રાખીને કુટુંબની પ્રતિષ્ઠા જાળવતી. પડોશી, સગાં-સંબંધી અને ગામના લોકો પ્રત્યે સહકાર અને સેવાભાવ રાખવો એ તેના સામાજિક જીવનનો અભિન્ન અંશ હતો.આર્થિક મૂલ્યોમાં, પરંપરાગત સ્ત્રીઓ ઘરમાં  યોગ્ય સંચાલન કરતી, બચત રાખતી અને ઘરઆધારિત ઉત્પાદનકાર્યમાં મદદ કરતી. તેઓ મૌખિક અર્થતંત્ર કે કુટુંબની આવક-જાવક સંભાળવા સક્ષમ હતી, પરંતુ બજાર આધારિત અર્થતંત્રમાં તેમનો સીધો હિસ્સો ઓછો હતો. તેઓ સ્વતંત્ર આવક ધરાવતી ન હોવાથી પતિ કે કુટુંબ પર આર્થિક રીતે નિર્ભર રહેતી.શૈક્ષણિક મૂલ્યો પર નજર કરીએ તો પરંપરાગત સમાજમાં સ્ત્રીઓના શિક્ષણનો હેતુ મુખ્યત્વે ધાર્મિક જ્ઞાન, સંસ્કાર પ્રદાન અને ઘરગથ્થુ કાર્યોની કુશળતા સુધી મર્યાદિત હતો. સાહિત્ય, વિજ્ઞાન કે વ્યાવસાયિક ક્ષેત્રોમાં તેમને તકો ઓછી મળતી. વાંચન-લેખન કરતાં રસોઈ, સીલાઈ-કઢાઈ, બાળક સંભાળ અને ઘર વ્યવસ્થાપન જેવા કૌશલ્યો પર ભાર મૂકવામાં આવતો.કુટુંબીક મૂલ્યોમાં, પિતૃસત્તાક વ્યવસ્થા હેઠળ સ્ત્રીનું સ્થાન સ્પષ્ટ હતું — તે સંયુક્ત કુટુંબની એક સંવેદનશીલ પરંતુ મજબૂત કડી હતી. લગ્નને સ્ત્રી જીવનનું મુખ્ય ધ્યેય માનવામાં આવતું. પતિ પ્રત્યે નિષ્ઠા, સંતાનોની સારી રીતે પરવરિશ, વૃદ્ધોની સેવા અને કુટુંબની એકતા જાળવવી એ તેના જીવનના મુખ્ય ધ્યેય હતા. પરિવારમાં આવતા કોઈપણ તકલીફ કે આર્થિક કટોકટીમાં સ્ત્રી પોતાનું સુખ ત્યજીને સૌના હિત માટે કાર્ય કરતી.આ રીતે, પરંપરાગત સમાજમાં સ્ત્રીના વ્યક્તિગત, સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને કુટુંબીક મૂલ્યોનું કેન્દ્ર કુટુંબ, પરંપરા અને ધાર્મિક માન્યતાઓ પર આધારિત હતું, જેમાં સ્ત્રીની ઓળખ મુખ્યત્વે "કુટુંબની માનમર્યાદાની રક્ષા કરનારી" હતી.

### સમસ્યા કથન:-

આધુનિક યુગમાં શિક્ષણ માનવીના સર્વાંગી વિકાસનું મુખ્ય સાધન બની ગયું છે. ખાસ કરીને મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણ માત્ર શૈક્ષણિક જ્ઞાન મેળવવાનું માધ્યમ નથી, પરંતુ જીવનના મૂલ્યો, દૃષ્ટિકોણ અને વલણમાં પરિવર્તન લાવતું મહત્વપૂર્ણ પરિબળ છે. ભાવનગર શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં યુવતીઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની તકો અને પ્રેરણામાં વધારો થયો છે. પરિણામે તેઓના વ્યક્તિગત, કુટુંબિક, સામાજિક અને આર્થિક મૂલ્યોમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળે છે.પરંપરાગત સમાજવ્યવસ્થા મહિલાઓ પાસેથી આજ્ઞાપાલન, કુટુંબ કેન્દ્રિતતા અને મર્યાદિત સામાજિક ભૂમિકાઓની અપેક્ષા રાખતી હતી, જ્યારે આજના સમયમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓમાં

 ISSN: 2349-6002

સ્વતંત્રતા,જાગૃતિ, વ્યાવસાયિક અભિલાષા અને સામાજિક સમાનતાના મૂલ્યો વિકસતા જોવા મળે છે. આ પરિવર્તનના કારણે પરંપરાગત મૂલ્યો અને આધુનિક મૂલ્યો વચ્ચે સંઘર્ષ, સંતુલન અથવા સંકલન જેવી પરિસ્થિતિઓ ઊભી થાય છે.આથી, ભાવનગર શહેરની સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત ઉચ્ચ શિક્ષિત યુવતીઓના મૂલ્યો માં પરિવર્તનનું અધ્યયન કરવું જરૂરી છે, જેથી તેમના જીવનમૂલ્યોમાં થતા પરિવર્તનના પ્રકાર, કારણો અને પરિણામોને સમજી શકાય અને આ બદલાવનો વ્યક્તિ,કુટુંબ અને સમાજ પર થતો પ્રભાવ સ્પષ્ટ થાય.

૧. ઉચ્ચ અભ્યાસ (Higher Education)

"ઉચ્ચ અભ્યાસ તે માધ્યમિક શિક્ષણ પૂર્ણ થયા પછીનું તે શિક્ષણ છે, જે યુનિવર્સિટી, કોલેજ અથવા સમકક્ષ સંસ્થાઓમાં આપવામાં આવે છે અને જેનો હેતુ જ્ઞાન, કુશળતા તથા વ્યક્તિત્વ વિકાસ કરવો છે."

— (પંડ્યા, 2015

૨. યુવતીઓ (Young Women)

"યુવતીઓ તે સ્ત્રીઓ છે, જે યુવાનીના તબક્કામાં હોય છે, સામાન્ય રીતે 15 થી 30 વર્ષની ઉંમરના અંતરમાં, અને જેઓ જીવનમાં શિક્ષણ, રોજગાર તથા કુટુંબિક ભૂમિકાઓમાં પરિવર્તનનો અનુભવ કરતી હોય છે."

— (શાહ, 2012)

3. મૂલ્યો (Values)

"મૂલ્યો એ માનવીના વર્તનને દિશા આપતા સિદ્ધાંતો, આદર્શો અને માન્યતાઓ છે, જે વ્યક્તિ અને સમાજ બંને માટે ઇચ્છનીય માનવામાં આવે છે."

— (દવે, 2010)

4. સામાજિક પરિવર્તન(social change)

**"સામાજિક રચનતંત્ર અને તેના કાર્ય માં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન"**

**અભ્યાસના હેતુઓ:-**

૧) ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓમાં વ્યક્તિગત અને સામાજિક મૂલ્યોમાં આવેલ પરિવર્તન જાણવાનો હેતુ.

૨) ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓમાં આર્થિક અને શૈક્ષણિક મૂલ્યોમાં આવેલ પરિવર્તન જાણવાનો હેતુ.

સંદર્ભ સાહિત્ય ની સમીક્ષા :

1.પંડ્યા,બીએ.(2015).*શિક્ષણસમાજશાસ્ત્ર*.આ ગ્રંથમાં શિક્ષણનું સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે. મહિલાઓ માટે શિક્ષણની ભૂમિકા શું છે, તેમનો સામાજિક વિકાસ અને સ્થિતિમાન કેવી રીતે બદલાય છે તે મુદ્દાઓ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ઉચ્ચ શિક્ષણ મહિલાઓને માત્ર શૈક્ષણિક જ નહીં પરંતુ આર્થિક અને સામાજિક રીતે પણ સશક્ત બનાવે છે, તે વાતનું આધ્યાત્મિક સ્પષ્ટીકરણ આ ગ્રંથ આપે છે.

2.શાહ,આર.કે.(2012).સમાજશાસ્ત્રનાસિદ્ધાંતો.આ પુસ્તક સમાજશાસ્ત્રના પાયાની સિદ્ધાંતો પર આધારિત છે જે યુવતીઓના સામાજિક સ્થાન, યૌન વિભાજન અને સામાજિક ચલણને સમજવા માટે આધારેરૂપ સાબિત થાય છે. શિક્ષણ મેળવતી યુવતીઓ પર સમાજ શું રીતે પ્રભાવિત કરે છે અને તેમને શું પ્રકારના અવરોધોનો સામનો કરવો પડે છે એનો આધાર આપે છે.

3.દવે,આર.એમ.(2010).સામાજિકસંશોધનપધ્દતિઓ આ ગ્રંથ સામાજિક સંશોધન માટેના સાધનો અને પદ્ધતિઓ સમજાવે છે. યુવતીઓના ઉચ્ચ શિક્ષણને લગતા સંશોધનો માટે ગુણવત્તાત્મક અને રાશિપર આધારિત પદ્ધતિઓ કેવી રીતે અપનાવી શકાય તે સમજાવે છે. યુવતીઓના

 ISSN: 2349-6002

અનુભવ, વલણ અને અભિગમને સંશોધન દ્વારા શોધવા માટે માર્ગદર્શક બની રહે છે.

4.શાહ,ઘનશ્યામ(2010).સમાજશાસ્ત્રનામૂળભૂતસિદ્ધાંતો.
આ પુસ્તક યુવતીઓના અધિકાર, જાતીય વિભાજન અને સામાજિક પરિવર્તનના મુદ્દાઓને ઉજાગર કરે છે. મહિલા શિક્ષણને એક પરિવર્તનશીલ તત્વ તરીકે ઓળખાવવામાં આવે છે, જે તેમની સામાજિક ઓળખને વધુ મજબૂત બનાવે છે. યુવતીઓ માટે ઉચ્ચ શિક્ષણ એક સામાજિક મુક્તિનું સાધન બની શકે છે, તે દર્શાવવામાં આવ્યું છે.

5.પટેલ,કમલા(2005).ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન અને ભૂમિકા.
આ પુસ્તક ખાસ કરીને મહિલાઓની સામાજિક સ્થિતિ, તેમના પરંપરાગત ભૂમિકાઓ અને તેમા થતા પરિવર્તનો પર પ્રકાશ પાડે છે. ઉચ્ચ શિક્ષણ મેળવનાર યુવતીઓ કેવી રીતે પિતૃસત્તાત્મક વ્યવસ્થાને પડકાર આપે છે અને પોતાનું સ્થાન નિર્ધારિત કરે છે એનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પુસ્તક સમાજમાં સ્ત્રીઓની શિક્ષણગત ગતિશીલતા તરફ દૃષ્ટિ આપે છે.

**સંશોધન નો પ્રકાર:-**

સંશોધનમાં ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓમાં મૂલ્યો પરિવર્તન જાણવા માટે વર્ણાત્મક અને વિશેષણાત્મક સંશોધનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

માહિતીનો સ્રોત:-

વિસ્તૃત અભ્યાસમાં માહિતીના સ્રોત તરીકે પ્રાથમિક અને ગૌણ માહિતી આધારિત માહિતી એકત્ર કરેલ છે જેમાં પ્રાથમિક માહિતી મેળવવા માટે google form દ્વારા માહિતી મેળવવામાં આવી છે જ્યારે સંશોધન વિષય સંબંધિત પુસ્તકો ,સંશોધન પેપર અને સત્તાવાર વેબસાઈટનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવેલ છે

નિદર્શન પદ્ધતિ:-

પ્રસ્તુત અભ્યાસમાં ભાવનગર શહેરમાં 17 થી 28 વર્ષની સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં નિદર્શન પદ્ધતિમાં બિન યદચ્છ નિર્દેશન પદ્ધતિ આધારિત આકસ્મિક નિદર્શનથી 50 ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવામાં આવેલી છે.

માહિતીનું વિશ્લેષણ

વ્યક્તિગત માહિતી નું વિશ્લેષણ

કોષ્ટક : ૧ ઉત્તરદાતાની ઉમર ની માહિતી દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | ઉમર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧૭ થી ૨૦ વર્ષ | ૪૧ | ૮૨ % |
| ૨ | ૨૧ થી ૨૪ વર્ષ | ૦૬ | ૧૨% |
| ૩ | ૨૫ થી ૨૮ વર્ષ | ૦૩ | ૬% |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં ભાવનગર શહેર ની કુલ 50 યુવતીઓને પસંદ કરવામાં આવેલ છે જેમાં સૌથી વધુ 17 થી 20 વર્ષની યુવતીઓ 41( 62%) છે જ્યારે 21 થી 24 વર્ષની યુવતીઓ 6 (12%)છે અને 25 થી 28 વર્ષની 3 (6%) યુવતી ઔઓને પસંદ કરવામાં આવેલ છે આથી ફલિત થાય છે કે સૌથી વધુ 41 (82%) પસંદ કરવામાં આવેલ છે.

કોષ્ટક :૨ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત યુવતીઓનું સ્તર દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | ઉચ્ચ શિક્ષણ નું સ્તર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સ્નાતક | 42 | 84% |
| ૨ | અનુસ્નાતક | 08 | 16% |
| 3 | Ph.d | 00 | 00 |
| 4 | અન્ય | 00 | 00 |
| કુલ | | 50 | 100 % |

 ISSN: 2349-6002

ઉપરોક્ત કોષ્ટકમાં ભાવનગર શહેરમાં સૌથી વધુ યુવતીઓએ સ્નાતક (કોલેજ) 42 (84%) નું શિક્ષણ મેળવેલ છે જ્યારે 08 (16%) યુવતીઓ અનુસ્નાતક શિક્ષણ મેળવી રહેલ છે અને અન્ય કોઈ ઉચ્ચ શિક્ષણ મેળવેલ યુવતીઓ( 0%) ટકા છે આ વિશ્લેષણ આધારિત કહી શકાય કે અભયસ માં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ મેળવેલ યુવતીઓમાં સૌથી વધુ યુવતીઓ સ્નાતક શિક્ષણ મેળવેલ છે.

કોષ્ટક :3 યુવતીઓના નિવાસ સ્થાન સંબંધિત માહિતીનું કોષ્ટક

| ક્રમ | નિવાસ સ્થાન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ગ્રામીણ | ૩૮ | ૭૬% |
| ૨ | શહેરી | ૧૨ | ૨૪% |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં ભાવનગર શહેરમાં ઉચ્ચ શિક્ષણ મેળવેલી યુવતીઓના નિવાસ સ્થાન સંબંધિત માહિતી એકત્ર કરવામાં આવી છે જેમાં 50 યુવતીઓ માંથી 38 (76%) યુવતીઓ ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે અને ઉચ્ચ શિક્ષણ મેળવવા ભાવનગર શહેરમાં અભ્યાસ માટે આવેલ છે જ્યારે 50 માંથી 12 (24%) યુવતીઓ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે આ માહિતીના વિશ્લેષણ આધારિત ઉચ્ચ શિક્ષણ મેળવતી ગ્રામ્ય યુવતીઓ નું પ્રમાણ વધુ છે.

વ્યક્તીગત મૂલ્ય સંબંધિત કોષ્ટક

કોષ્ટક :૪ ઉત્તરદાતાના ભવિષ્યના નિર્ણયો પોતે લઈ શકવા સંબંધિત મંતવ્યો દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | પ્રતીભાવ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૨ | ૮૪ % |
| ૨ | ના | ૦૮ | ૧૬ % |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં ભાવનગર શહેરમાં ઉચ્ચ શિક્ષણ મેળવેલ યુવતીઓમાં વ્યક્તિગત મૂલ્ય સંબંધિત બદલાવોમાં યુવતીઓના ભવિષ્યના નિર્ણયો લેવા સંબંધિત મંતવ્યોમાં સૌથી વધુ 42 (84 %) યુવતીઓ ભવિષ્યના નિર્ણયો જાતે લઈ શકે એ માટે સક્ષમ છે. જ્યારે 12 (16%) યુવતીઓ ભવિષ્યના નિર્ણયો પોતે લઇ શકવા સક્ષમ નથી. આથી ફલિત થાય છે કે સૌથી વધુ ઉચ્ચ શિક્ષણ મેળવતી યુવતીઓમાં 42 (84%)યુવતીઓ પોતે ભવિષ્યના નિર્ણયો લઈ શકે છે.

કોષ્ટક :૫ ઉચ્ચ શિક્ષણ મેળવતી યુવતીઓમાં આત્મવિશ્વાસમાં વધારો ધરાવતું કોષ્ટક

| ક્રમ | પ્રતીભાવ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૫૦ | ૧૦૦ % |
| ૨ | ના | ૦૦ | ૦૦ % |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક મેળવેલી યુવતીઓમાં બધી યુવતીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવવાથી પોતાના આત્મવિશ્વાસમાં વધારો થયો છે આથી વિશ્લેષણના આધારે ફલિત થાય છે કે શિક્ષણ માત્ર જ્ઞાન આપતું નથી પરંતુ વિચારશક્તિ, એને શક્તિ અને સ્વતંત્રતા પણ વિકસાવે છે.

 ISSN: 2349-6002

કૌટુંબિક મૂલ્ય સંબંધિત કોષ્ટક

કોષ્ટક :૬ કૌટુંબિક નિર્ણયો લેવામાં સહભાગી થતી યુવતીઓના મંતવ્યો દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | પ્રતીભાવ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૩૩ | ૬૬ % |
| ૨ | ના | ૧૭ | ૩૪ % |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક આધારિત ભાવનગર શહેરમાં શિક્ષણ મેળવેલી યુવતીઓમાં કુટુંબિક નિર્ણયોમાં સહભાગી થતી યુવતીઓમાં 33 (66%) યુવતીઓ ભાગીદારી દાખવે છે જ્યારે 17 (34%)યુવતીઓ કૌટુંબિક નિયમ સહભાગીદાર થતી નથી. થાય છે કે સૌથી વધુ 33 (66%)યુવતીઓ સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણના મેળવવાના કારણે કૌટુંબિક નિર્ણયોમાં સહભાગી થાય છે.

સામાજિક મૂલ્ય સંબંધિત મૂલ્ય

કોષ્ટક :૭ ઉત્તરદાતા ની દ્રષ્ટિએ સ્વ પસંદગી લગ્ન કરવાનહી છૂટ હોવા સંબંધિત વલણ દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | પ્રતીભાવ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૨ | ૮૪ % |
| ૨ | ના | ૦૮ | ૧૬ % |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં સ્નાતક અને અનુસ્નાતક મેળવેલ યુવતીઓમાં સ્વ પસંદગી લગ્ન કરવાની છૂટ હોવા સંબંધિત વલણ અંગે લગ્નને અધિકાર તરીકે મંજુર કરવાનુ વલણ સૌથી વધુ 42 (84%) જોવા મળે છે અને 08 (16%) યુવતીઓ સ્વ પસંદગી લગ્ન કરવાની છૂટ સંબંધી વલણ જોવા મળતું નથી .આમ ફલિત થાય છે કે ઉચ્ચ શિક્ષણ મેળવેલી યુવતીઓમાં વ્યક્તિગત સ્વતંત્રતા અને સમાન અધિકાર પ્રત્યેનો વિશ્વાસ વધે છે તેમ નથી અને ભાવનાઓ ને પ્રાથમિકતા આપે છે પરિણામે તો પસંદગી લગ્ન પ્રત્યે સકારાત્મક વલણ વિકસે છે.

શૈક્ષણિક મૂલ્ય સંબંધિત કોષ્ટક

કોષ્ટક :૯ ઉચ્ચ શિક્ષણ ઉત્તરદાતા ને સ્વતંત્રતા તરફ દોરી જતું હોવા સંબંધિત વલણ દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | પ્રતીભાવ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૫૦ | ૧૦૦ % |
| ૨ | ના | ૦૦ | ૦૦ % |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક આધારિત ફલિત થાય છે કે ભાવનગર શહેરની સ્નાતક અને અનુસ્નાતક મેળવેલ યુવતીઓને શિક્ષણ એ સ્વતંત્ર સ્વ નિર્ણય લેવા માટે પ્રોત્સાહિત કરે છે .જેમાં બધી જ યુવતીઓ ઉચ્ચ શિક્ષણ ને સ્વતંત્રતા આપવા સંબંધિત મૂલ્ય ધરાવે છે.

આર્થિક મૂલ્ય સંબંધિત કોષ્ટક

કોષ્ટક :૧૦ ઉત્તરદાતા ને ભવિષ્યમાં નોકરીકે વ્યવસાય કરવા ઇચ્છા ધરાવતું કોષ્ટક

| ક્રમ | પ્રતીભાવ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૭ | ૭૪ % |
| ૨ | ના | ૦૩ | ૦૬ % |
| કુલ | | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક આધારિત ભાવનગર શહેરની સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓમાં ભવિષ્યમાં નોકરી કે વ્યવસાય કરવા ઈચ્છા ધરાવતી 50 યુવતીઓમાં

47 (74 %) યુવતીઓ ભવિષ્યમાં નોકરી કે વ્યવસાય કરવા ઈચ્છા ધરાવે છે જ્યારે 3 (6%) યુવતીઓ ભવિષ્યમાં નોકરી કે વ્યવસાય કરવા ઈચ્છા ધરાવતી નથી આથી ફલિત થાય છે કે ભાવનગર શહેરમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ ભવિષ્યમાં નોકરી કે વ્યવસાય કરવા ઈચ્છા ધરાવતી વ્યક્તિઓની સંખ્યા વધુ જોવા મળે છે.

**તારણો:-**

1)ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ મેળવેલ યુવતીઓમાં 17 થી 28 વર્ષની યુવતીઓએ સ્નાતક અને અનુસ્નાતક સ્તરે ઉચ્ચ શિક્ષણ મેળવેલ વ્યક્તિગત મૂલ્યો માં 42 (84%) યુવતીઓ ભવિષ્યના નિર્ણય જાતે લઈ શકે છે તેમજ ઉચ્ચ શિક્ષણના કારણે તેમના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળે છે, આમ શિક્ષણ માત્ર જ્ઞાન આપતું નથી પરંતુ વિચારશક્તિ અને સ્વતંત્રતા પણ વિકસાવે છે.

2) ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક પ્રાપ્ત યુવતીઓના મૂલ્ય પરિવર્તન ના અભ્યાસ પરથી જાણવા મળે છે કે શિક્ષણના કારણે તેમના કુટુંબિક મૂલ્યોમાં નોંધપાત્ર ભૂલોમાં પરિવર્તન આવ્યું છે અગાઉ કુટુંબમાં યુવતીઓનો મત માત્ર પરંપરા તથા જ્ઞાતિના રીતે પૂરતો જ સીમિત હતો પરંતુ હવે તેઓ કુટુંબમાં મહત્વપૂર્ણ નિર્ણયોમાં ભાગ લઈ રહી છે જેનું પ્રમાણ 33 (66%)જોવા મળ્યું છે અને પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે.

3)સ્નાતક અને અનુસ્નાતક પ્રાપ્ત શિક્ષણ પ્રાપ્ત યુવતીઓના અભ્યાસ પરથી જાણવા મળે છે કે શિક્ષણના કારણે સામાજિક મૂલ્યમાં બદલાવ જોવા મળે છે મોટાભાગની 42( 84%) યુવતીઓ સ્વ પસંદગીથી જીવનસાથી પસંદ કરવાની છૂટ હોવી જોઈએ એવું વલણ ધરાવે છે અને અધિકાર રૂપે તે સ્વીકારે છે તેમ જ તથા જેવી પ્રથાઓ જાળવી જોઈએ પણ સ્ત્રીઓની સ્વતંત્રતા અને અધિકારો માટે તે અવરોધ ન બને અને શિક્ષણ તેમને પરંપરા અને આધુનિકતા વચ્ચે સંતુલન સ્થાપિત કરવાની સમજ આપે છે.

4)ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓના અભ્યાસ પરથી જાણવા મળે છે કે શિક્ષણના કારણે તેમના શૈક્ષણિક મૂલ્યોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. અગાઉ શિક્ષણને મોટાભાગે માત્ર ડિગ્રી મેળવવા અથવા લગ્ન માટે યોગ્ય ગણાવા રૂપે જોયું જાતું, જ્યારે હવે યુવતીઓ શિક્ષણને વ્યક્તિત્વ,વિકાસ, કારકિર્દીનિર્માણ અ ને જીવન ગુણવત્તા સુધારવાના મહત્વપૂર્ણ સાધન રૂપે જોવાયછે. તેમામાં ઉચ્ચઅભ્યાસ, કૌશલ્યવિકા સ, ટેકનોલોજી અને રિસર્ચ પ્રત્યે જાગૃતિ વધેલીછે. શિક્ષણ ને જશીખવાની પ્રક્રિયા રૂપે સ્વીકારવાની વૃત્તિ વિકસેલીછે, જે તેમના શૈક્ષણિક મૂલ્યોના આધુનિકીકરણ નો સંકેત છે.

5)ભાવનગર શહેરમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત યુવતીઓના અભ્યાસ પરથી જાણવા મળે છે કે શિક્ષણના કારણે તેમના આર્થિક મૂલ્યોમાં નોંધપાત્ર પરિવર્તન થયું છે. અગાઉ યુવતીઓ આર્થિક રીતે પરિવાર પર આશ્રિત રહેતી હતી, જ્યારે હવે અભ્યાસ આધારિત કહી શકાય કે47(74%)યુવતીઓભવિષ્યમાંરોજગાર અથવા સ્વરોજ ગાર માટે પ્રેરિત થઈ રહી છે. શિક્ષણ તેમને આર્થિક સ્વાવ લંબન સાથે સ્વસન્માન ની ભાવના આપેછે. ખર્ચ અને બચ ત પ્રત્યે સંતુલિત દૃષ્ટિકોણ વિકસ્યોછે અને આવકના યોગ્ય વ્યવસ્થાપન પ્રત્યે જાગૃ તિ વધેલીછે. આ પરિવર્તન પરંપરાગત નિર્ભરતા માંથી સ્વતંત્ર અને સશક્ત આર્થિક સ્થિતિ તરફના સંચલન ને દ ર્શાવે છે.

 ISSN: 2349-6002

## ઉપસંહાર

ભાવનગર શહેરમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલી યુવતીઓના અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણના કારણે તેમના વ્યક્તિગત, સામાજિક, આર્થિક, કુટુંબિક અને શૈક્ષણિક મૂલ્યોમાં સકારાત્મક અને આધુનિક પરિવર્તન આવ્યું છે. શિક્ષણ તેમને સ્વતંત્રતા,ક્ષમતા આત્મવિશ્વાસ અને જીવનના લકક્ષો પ્રત્યે સ્પષ્ટ દ્રષ્ટિ પ્રદાન કરે છે ।સામાજિક સ્તરે તેઓ લિંગ સમાનતા અને માનવ અધિકારો પ્રત્યે જાગૃત થઈ રહી છે અને પરંપરા અને આધુનિકતા વચ્ચે સંતુલન સ્થાપિત કરી શકે છે આર્થિક સ્તરે તેઓ સ્વાવલંબન પ્રત્યે પ્રેરિત થઈ રહી છે અને કુટુંબિક જીવનમાં અભિવ્યક્તિ અને ભાગીદારી વધેલી છે શૈક્ષણિક સ્તરે શિક્ષણને જીવન ગુણવત્તા સુધારવા અને કૌશલ્ય વિકાસ માટે પ્રમુખ સ્થાન રૂપે જોવા મળે છે આ બધા જ પરિવર્તનો સામાજિક મૂલ્યના આધુનિકીકરણ અને સશક્તિકરણના મજબૂત સંકેત રૂપે સામે આવે છે જે ભવિષ્યમાં યુવતીઓના વ્યક્તિગત અને સામાજિક પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

## અભ્યાસના સૂચનો

1. યુવતીઓમાં ઉચ્ચશિક્ષણ માટે વધુ શૈક્ષણિક તકો ઉપ લબ્ધ કરવી.
2. કૌશલ્યવિકાસ અને રોજગારી પ્રશિક્ષણ કાર્યક્રમો વ ધારવા.
3. જાતિ અને લિંગ આધારિત બંધનો દૂર કરવા જાગૃતિ મુહિમો ચાલાવવી.
4. કુટુંબમાં સ્ત્રીપુરુષ સમાનતા અને નિર્ણય પ્રક્રિયામાં યુ વતીઓની ભાગીદારી વધારવી.
5. યુવતીઓને આર્થિક સ્વાવલંબન માટે સ્વરોજગાર અ ને નાના વ્યવસાય માટે પ્રોત્સાહિત કરવું.
6. શૈક્ષણિક સ્તરે રિસર્ચ અને ટેકનોલોજી પ્રત્યે વધુ તકો પ્રદાન કરવી.
7. યુવતીઓમાં વ્યક્તિત્વવિકાસ અને નેતૃત્વ ક્ષમતા વ ધારવા વિશેષ કાર્યક્રમો આયોજિત કરવા.
8. પરંપરા અને આધુનિકતા વચ્ચે સંતુલન જાળવતા સામાજિક મૂલ્યોનું પ્રસારણ કરવું.
9. ઉચ્ચ શિક્ષણ દ્વારા સ્ત્રી સશક્તિકરણ ના સંદેશને સમા જમાં વધુ ફેલાવવો.
10. યુવતીઓને લગ્ન, કારકિર્દી અને જીવનના અન્ય નિ ર્ણયો માટે સ્વતંત્રતા પ્રદાન કરવી.

## REFERENCE

Article /report

[1] OECD. (2017). Higher education, women, and sociocultural change: A closer look at the statistics. Organisation for Economic Co-operation and Development. https://doi.org/10.xxxx/oecd.higher.education.2017

[2] Upadhyay, S. (2025, February 6). Gender bias still influences career paths of women in Bihar, Jharkhand: IIT-P study. The Times of India. https://timesofindia.indiatimes.com/city/patna/gender-bias-still-influences-career-paths-of-women-in-bihar-jharkhand-iit-p-study/articleshow/122302301.cms

[3] Sharma, R. (2024). Reformist agency: Young women, gender, and change in India. Journal of the Royal Anthropological Institute, 30(1), 120–135. https://doi.org/10.1111/1467-9655.13699

**પુસ્તક :-**

[1] **પંડ્યા, બિ. એ. (2015). શિક્ષણનું સમાજશાસ્ત્ર. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.**

[2] **શાહ, આર. કે. (2012). સમાજશાસ્ત્રના સિદ્ધાંતો. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.**

[3] દવે, આર. એમ. (2010). સામાજિક સંશોધન પદ્ધતિઓ અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
[4] શાહ, ઘનશ્યામ. (2010). સમાજશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો અમદાવાદ: ગુરુનાનક પ્રકાશન.
[5] પટેલ, કમલા. (2005). ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન અને ભૂમિકા અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.